દિવ્ય ભાસ્કર સુરત, બુધવાર, 7 ઓગસ્ટ, 2024 | 5

IN ASSOCIATION WITH:
Since 1984
KP GROUP
www.kpgroup.co

# ગુજરાતના વિકાસમાં યોગદાન આપી ખ્યાતિ પામેલા સુરતના MSME ફર્મના ઉદ્યોગસાહસિકોને દિવ્ય ભાસ્કર દ્વારા સન્માનિત કરવામાં આવ્યું

દિવ્ય ભાસ્કર MSME CONCLAVE AWARDS 2024 Leadership to Dominance



કેપી ગ્રુપના સીએમડી ડો. ફારુકભાઈ જી. પટેલને સ્મૃતિ ચિહ્ન તથા અભિનંદન આપતા ગુજરાત રાજ્યના કેબીનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત (ઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન, ગ્રામીણ વિકાસ, શ્રમ તથા રોજગાર)



કરઘા ટેક્સ અમન ગાડિયા, સંજય ગાડિયા તથા રિષભ ભગેરિયા



એસ. મોતીરામ ગૌરાંગભાઇ સુખડિયા તથા હિમાંશુભાઇ સુખડિયા



સનોરા સોલાર મયુરભાઈ વસ્તરપરા, રમેશભાઈ વરીયા તથા મહેશભાઈ પટેલ



પેનલ ડિસ્કશનમાં ઉપસ્થિત કેપીગ્રુપથી ડો. ફારુક જી. પટેલ તથા ગેસ્ટ સ્પીકર



સોલેક્સ એનર્જી LTD. પિયુષ ચાંડક તથા બ્રિજેશ ખન્ના



શ્રી હરી નર્સરી પ્રકાશભાઈ ધડુક



ભવ્ય તથા ગૌરવમયી રંગારંગ કાર્યક્રમમાં ઉપસ્થિત MSME ફર્મથી આવેલા સમગ્ર ગુજરાતના ઉદ્યોગપતિઓ અને અતિથિગણો



3 સ્ટાર બ્રાન્ડીંગ PVT LTD ધર્મેશભાઈ વેકરીયા તથા સોનલબેન વેકરીયા



કેસ્ટર લાઇફ કેર ધર્મેશ હિરાણી



સ્ટોન 360 સાગર ખાખરીયા

અમદાવાદ ખાતે દિવ્યભાસ્કર દ્વારા યોજાયેલા MSME કોન્ક્લેવ & એવોર્ડ-2024માં યુવા આંત્રપ્રિન્યોર્સ, બિઝનેસ સ્ટાર્ટઅપ અને તેઓના બિઝનેસ ગ્રોથ, વિઝન અને ઈનોવેટીવ આઈડીયા માટે સુરતના ઉદ્યોગસાહસિકોને શહેરના વિકાસમાં તેઓના અભૂતપૂર્વ યોગદાન બદલ સમ્માનિત કરાયા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના કેબીનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત, દિવ્ય ભાસ્કર- ગુજરાતના સીઓઓ સંજીવ ચૌહાણ, કેપી ગ્રુપના સીએમડી ડૉ. ફારૂક જી. પટેલ, સમસ્ત ગુજરાતના બિઝનેસમેન તથા અન્ય અતિથીઓએ હાજરી આપી તમામ ઉદ્યોગસાહિસકોને તેમના કાર્યક્ષેત્રમાં અગ્રેસર રહેવા માટે બીરદાવ્યા પણ હતા.

# MSME બિઝનેસ સાહસિકોનું દિવ્ય ભાસ્કર દ્વારા થયું ભવ્યાતિભવ્ય સન્માન

દિવ્ય ભાસ્કર MSME CONCLAVE & AWARDS 2024 Leadership to Dominance

દિવ્ય ભાસ્કર દ્વારા આયોજિત MSME કોન્ક્લેવ એવોર્ડ-૨૦૨૪માં ઉપસ્થિત રહી ૫૭ જેટલા MSMEને સન્માનવાનો ખૂબ જ સુંદર કાર્યક્રમ અમદાવાદની નામાંકિત હોટેલમાં યોજાઈ ગયો. જેમાં મુખ્ય મહેમાન ગુજરાત રાજ્યના કેબીનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત સાથે ગુજરાતના વ્યાયસાયિક નિષ્ણાંતો દ્વારા કોન્ક્લેવમાં થયેલ નીતિ વિષયક ચર્ચા અને પેનલના અભિપ્રાય ઉપસ્થિત ઉદ્યોગકારો માટે ઘણાં જ લાભદાયક સાબિત થશે. કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રો-એક્ટિવ કામગીરીને કારણે સમગ્ર દેશમાં MSME માટે હકારાત્મક વાતાવરણ સર્જાયેલ છે, જેનો સર્વાંગી વિકાસ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત અને આત્મનિર્ભર બનાવવા વધુ બળ પુરૂ પાડશે અને આવનારા વર્ષો MSME માટે સોનેરી દિવસો લાવશે.




## ક્યારેય હાર ન માનવાની હિંમત અને જુસ્સાએ MSME બિઝનેસમાં સફળતા અપાવી, એવા રાજ્યના વિવિધ ક્ષેત્રના અગ્રણી બિઝનેસમેનો સન્માનિત થયા અમદાવાદ ખાતે



MSME એવોર્ડના મુખ્ય મહેમાન તરીકે પધારેલ કેબીનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતે દરેક સન્માનિતને અભિનંદન પાઠવ્યા હતાં. ઉપરાંત તેમના વક્તવ્યમાં તેમણે જણાવ્યું હતું કે નાના ઉદ્યોગકાર પ્રગતિ કરે તે માટે હરહંમેશ ગુજરાત સરકાર તેમની પડખે ઉભેલી છે. આ જમાનો ટેક્નોલોજી, ઈન્ફોર્મેશનનો છે ત્યારે નાના ઉદ્યોગકારે બદલાવું પડશે ક્વોલિટી સારી રાખીને પડતર કિંમતે માલ આપીને જંગ જીતવો પડશે. વધુમાં તેમણે કહ્યું હતું કે MSME માટે આવનારા 25 વર્ષ સોનેરી હશે તેની ખાતરી આપી હતી.




ડાબેથી નિપુણ સંઘવી - એન્કરે ડીબી MSME કોન્ક્લેવ 2024નું સંચાલન કર્યું હતું. આ કોન્ક્લેવમાં જોડાયેલ મહેમાનોમાં શ્રી રાજેશ પુષ્પાંગમ - ડીજીએમ, (એસબીઆઈ), ડૉ. ફારૂક પટેલ - સીએમડી, (કેપી ગ્રુપ), પારસ દેસાઈ - એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (વાધવાણી ફા.), અને ચિંતન ઠક્કર - ચેરમેન, (ASSOCHAM) પોતાના વ્યવસાય ઉપરાંત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો સાથે સંકળાયેલ વિવિધ વિષયો તેમજ તેમના બિઝનેસની સફળતાના કેટલાક કિસ્સા સંભળાવીને તેના ઉપર વિસ્તૃત ચર્ચા કરીને પધારેલ MSME વ્યવસાયિકોને મંત્રમુગ્ધ કર્યા હતા.




કેપી ગ્રુપના સીએમડી, ડૉ. ફારુક પટેલનું સ્વાગત દિવ્ય ભાસ્કર અમદાવાદના બિઝનેસ હેડ નરેશ પ્રતાપસિંહે કર્યું હતું. ફારુકજીએ તેમના વક્તવ્યમાં કહ્યું હતું કે મેં ઘણી નાની ઉંમરે વ્યવસાયની શરૂઆત કરી હતી અને આજે MSME સેક્ટરમાં સૌથી મોટા ગ્રીન એરિયાની ખ્યાતિ અમે પ્રાપ્ત કરી છે.





દિવ્ય ભાસ્કરના COO સંજીવ ચૌહાણે પ્રાસંગિક પ્રવચનમાં કહ્યું હતું કે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો દ્વારા ગુજરાત દેશભરમાં છવાશે.





આ પ્રસંગે સંદિપ સગાલે - ઈન્ડસ્ટ્રીઝ કમિશ્નર, ડી કે સોલંકી - આસિ. ડિરેક્ટર, (MSME) પણ પોતાની હાજરી નોંધાવી હતી.